અપીલ અરજી નં.૬૦ તા.૫–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી બાલમુકંદ બી. અધ્વર્યુ
સામાવાળાઃ–શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી બાલમુકંદ બી. અધ્વર્યુની આઈ ડી. નં.૧૫૩ તા.૧૩–૫–૦૯ ની આરટીઆઈ હેઠળની અરજીથી તા.૨૩–૧૨–૦૮,૨–૨–૦૯, ૨૬–૩–૦૯, ૧૩–૪–૦૯ અને તા.૫–૫–૦૯ ના રોજ કરવામાં આવેલી ફરીયાદ અરજી સબંધી કરેલી કાર્યવાહીની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૬–'૦૯ ની અપીલ અરજી નં.૬૦/૨૦૦૯–૧૦

શ્રી બાલમુકંદ બી. અધ્વર્યુની આઈ ડી. નં.૧૫૩ તા.૧૩–૫–૦૯ ની આરટીઆઈ હેઠળની અરજીથી તા.૨૩–૧૨–૦૮, ૨–૨–૦૯, ૨૬–૩–૦૯, ૧૩–૪–૦૯ અને તા.૫–૫–૦૯ ના રોજ કરવામાં આવેલી ફરીયાદ અરજી સબંધિ કરેલી કાર્યવાહીની માહિતી આપવા બાબતેની માહિતી યોગ્ય આપવામાં આવી નથી સંતોષ જણાતો નથી તથા માહિતી ખોટી હોય તેવું સ્પષ્ટપણે જણાય રહયું છે તેવી રજૂઆત કરી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, અરજી ફી ની વિગત,તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ તથા અરજદારની તા.૨૩–૧૨–૦૮,૨–૨–૦૯,૨૬–૩–૦૯,૧૩–૪–૦૯, ૫–૫–૦૯ ના રોજ કરેલ ફરીયાદ અરજીઓની નકલ, પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૬૧ તા.૧૨–૬–૦૯ થીશહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને તથા અરજદારને અરજીમાં જણાવેલ ફરીયાદ અરજી ની નકલ તથા અપીલમાં કરેલી રજૂઆતમાં માહિતીથી સંતોષ નથી અને માહિતી ખોટી હોય તેવા દાવાના સમર્થનમાં આધાર અને વાજબીપણુ રજૂ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૩૬૩ તા.૨૫–૬–૦૯ થી તથા અરજદાર તરફથી તા.૧૭–૬–૦૯ ના રોજ પૂરક વિગતો મળેલ છે.

અરજદારની આઈ ડી. નં.૧૫૩ તા.૧૩–૫–૦૯ ની આરટીઆઈ હેઠળની અરજીથી તા.૨૩–૧૨–૦૮,૨–૨–૦૯, ૨૬–૩–૦૯, ૧૩–૪–૦૯ અને તા.૫–૫–૦૯ ના રોજ વિગતવાર અરજી સબંધિત વિભાગોમાં કરવામાં આવેલી આ અરજીમાં શું શું તપાસ કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે ફરીયાદીને અરજીનો જવાબ શા માટે આપવામાં આવેલ નથી તેની માહિતી માંગવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.૨૩૨ તા.૧–૬–૦૯ થી તા.૨૩–૧૨–૦૮ ના રોજની અરજીના અનુસંધાનમાં બેગમપુરા કુંવરજીની શેરી રીકાર્પેટ કરવામાં આવેલ છે તેમજ અન્ય શેરીઓમાં જરૂરીયાત મુજબ પેચ કામ કરવામાં આવેલ /આવનાર હોવાની અને બેગમપુરા બ્રાહમણ ફળીયા, ઈચ્છાનાથ મહાદેવની ગલીમાં જરૂરી પીસીસી કામ કરવામાં આવેલ હોવાની માહિતી અરજદારને આપવામાં આવેલ.અરજદારે તા.૨૩–૧૨–૦૮ ની અરજીની નિર્દિષ્ટ વિસ્તારમાં રીકાર્પેટીંગ અંગે તા.૨–૨–૦૯ ની અરજીમાં જણાવેલ બેગમપુરા ઈચ્છાનાથ મહાદેવની શેરી બ્રાહમણ ફળીયા સળંગ આરસીસી વર્ક અંગે તા.૨૬–૩–૦૯ ના પત્રમાં તા.૨–૨–૦૯ ની અરજીના નિકાલની રજૂઆત, જયારે તા.૧૩–૪–૦૯ ના પત્રમાં તા. તા.૨૩–૧૨–૦૮, ત્યાર બાદ ૨–૨–૦૯ અને ૨૬–૩–૦૯ ની ફરીયાદોની પુનઃ રજૂઆત કરેલ છે. જયારે તા.૫–૫–૦૯ માં અગાઉના તા.૨૩–૧૨–૦૮ ૨–૨–૦૯ અને ૨૬–૩–૦૯ તથા તા.૧૩–૪–૦૯ ની ફરીયાદની રજૂઆત કરેલ છે. આમ અરજદારની તા.૧૩–૫–૦૯ ની આરટીઆઈ હેઠળ નિર્દિષ્ટ તારીખ અંગે થયેલ અથવા તો થનાર કામગીરીની હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાય છે. પરંતુ અરજીમાં શું શું તપાસ કરવામાં આવી તથા ફરીયાદની અરજીનો જવાબ શા માટેઅ ાપવાાંઅ ાવતો નથી તેની કોઈ માહિતી આપવામાં આવેલ જણાતી નથી.

આરટીઆઈ કાયદાની કલમ–૪ હેઠળ મેન્યુઅલ ૩ અન્વયે નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવામાં આવતી કાર્યવાહી તેમજ દેખરેખ અને જવાબદારીની સાંકળ તથા નંબર ૪ અન્વયે કાર્યના નિકાલ માટે મુકરર કરેલા ધોરણોની વિગતો સ્વયં પ્રસિધ્ધ કરવા યોગ્ય માહિતીમાં સમાવેશ કરેલ છે. તથા કલમ–૪(૧)(ડી) અન્વયે અસરકર્તા વ્યકિતઓને વહીવટ અને અર્ધ ન્યાયિક નિર્ણયો માટેના કારણો આપવાનું આદેશાત્મક ઠરાવેલ છે. કાયદાના આમુખ ધ્વારા લોકશાહીમાં સુમાહિતગાર નાગરીકો અને માહિતીની પારદર્શીતા જે લોકશાહી કાર્ય પધ્ધતિ માટે મહત્વની છે તે પરત્વે ભાર મુકી સરકાર અને તેના સંશોધનો શાસિતને જવાબદાર ઠરાવવાના ઉદ્દેશોની ભાવના મૂર્તિમંત થયેલ છે

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી નહીં પૂરી પાડેલ "અરજદારની અરજીમાં શું શું તપાસ કરવામાં આવી અને ફરીયાદીને અરજીનો જવાબ શા માટે આપવામાં આવેલ નથી." ની માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અહને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

અરજદારને અપીલ તબકકે " મારી આપેલ અરજીની નકલો આપને દફતરે હોવા છતાં નકલોનો ખર્ચો શા માટે કરાવવામાં આવે છે તેનો ખુલાશો કરવામાં આવે" એવી રજૂઆત આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) અને આરટીઆઈ નિયમ–૪ અને ૬ ની જોગવાઈઓ ધ્યાને લેતાં અપીલની અર્ધન્યાયિક પ્રક્રિયામાં અરજદારે પોતાને પક્ષ અને દાવાના સમર્થનમાં પૂરી હકીકત આધાર સહિત રજૂ કરવી આવશ્યક રહેતી હોય અને અપીલના અનુસંધાને તેમ કરવું અરજદાર અને નાગરિકની ફરજના ભાગરૂપે હોય આ બાબતની અરજદારની રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ –૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,(સેન્ટ્રલ ઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી બાલમુકંદ બી. અધ્વર્યુ,